# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૮, ડિસેમ્બર ૨૦૧૬ - જાન્યુઆરી ૨૦૧૭






## ૬૮મા પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા ગૌરવભેર ઉજવણી









# આ અંકમાં

વર્ષ–૬ અંક–૩૮,
ડિસેમ્બર ૨૦૧૬ – જાન્યુઆરી ૨૦૧૭
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી પ્રણય વાવડીયા, નાયબ અધિક્ષક (સેક્રેટરિયલ)

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૦૧/૨૦૧૭

## આ અંકમાં

**ઉજવણી**

» સાબરમતી વર્તુળ કચેરીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી........................................ ૦૪

» પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી................................. ૦૬

» પ્રજાસત્તાક દિને સન્માનિત કર્મચારીઓ અને પરિવારજનોની યાદી.......................... ૦૮

**સન્માન**

» ઓનલાઇન વીજ બિલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા વિજેતા પેટાવિભાગીય કચેરીઓનું સન્માન.................. ૧૦

» યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો – ઇન્ડિયા પાવર એવોર્ડ............................... ૧૧

» યુજીવીસીએલ બની સી.બી.આઈ.પી. એવોર્ડ વિજેતા....................................... ૧૩

» વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી બી.જે. વ્યાસ................................... ૧૪

**વિશેષ**

» નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન.................... ૧૫

# સંદેશ



**આપણી કંપનીની વાત કરીએ તો કંપનીના સ્તરે આપણે સૌ પોતાના કાર્યને સમર્પિત છીએ. દરેક વ્યક્તિની કાર્યશૈલી જુદી હોઈ શકે છે, પોતાના કામને આગળ ધપાવવાના કે ફરજ પૂર્ણ કરવાના વિચાર પણ જુદા હોઈ શકે છે, પરંતુ છેવટે આપણે સૌ આપણી કંપનીની અને સૌની સહિયારી પ્રગતિને તથા પ્રજાની સેવાને સમર્પિત છીએ.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

આપણા સમગ્ર દેશ માટે અને આપણા માટે ગૌરવરૂપ પ્રજાસત્તાક પર્વ આપણે હમણાં જ ઉજવ્યું.

સમગ્ર વિશ્વમાં ભારતનું પ્રજાતંત્ર એક અજોડ ઉદાહરણ છે. આપણું રાષ્ટ્ર અનેક ક્ષેત્રોમાં વૈવિધ્યથી સમૃદ્ધ છે. અનેકવિધ સંસ્કૃતિ, જીવનશૈલી, ભાષા, ભૌગોલિક સ્થિતિ વગેરે હોવા છતાં, આપણે આ વિવિધતા વચ્ચે પણ એકસૂત્રતાથી, એકતાના એક દોરથી એકમેક સાથે સંકળાયેલા રહ્યા છીએ અને આપણી લોકશાહીને સતત જીવંત, ધબકતી રાખી છે એ કોઈ નાની સૂની વાત નથી.

હું માનું છું કે આ સિદ્ધિના મૂળમાં, સૌ સાથે હળી મળીને, પોતાના કર્તવ્યને પોતાનો ધર્મ માનવાની આપણા સૌની ભાવના કારણભૂત છે. જુદા જુદા લોકો વચ્ચે વિચારભેદ કે મતભેદ હોઈ શકે, પણ ભારતીયો વચ્ચે મનભેદને સ્થાન નથી.

આપણી કંપનીની વાત કરીએ તો કંપનીના સ્તરે આપણે સૌ પોતાના કાર્યને સમર્પિત છીએ. દરેક વ્યક્તિની કાર્યશૈલી જુદી હોઈ શકે છે, પોતાના કામને આગળ ધપાવવાના કે ફરજ પૂર્ણ કરવાના વિચાર પણ જુદા હોઈ શકે છે, પરંતુ છેવટે આપણે સૌ આપણી કંપનીની અને સૌની સહિયારી પ્રગતિને તથા પ્રજાની સેવાને સમર્પિત છીએ.

એ જ કારણે, આ વર્ષે પણ આપણે બે રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવ્યા છે. રાષ્ટ્ર સ્તરે, વિવિધ કાર્યભાર સંભાળતા મહાનુભાવોની જ્યુરી જ્યારે આપણી કંપનીને આવા, ઊર્જા ક્ષેત્રના સર્વોચ્ચ કાર્યક્ષમતા દર્શાવતા સન્માન માટે યોગ્ય ગણે એ આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે.

કંપની અને પોતાના કાર્ય અને સમાજ પ્રત્યે આપ સૌના સમર્પણથી આ શક્ય બન્યું છે, તે બદલ હું આપ સૌને હાર્દિક અભિનંદન આપું છું.

એ સાથે હું એ પણ ચોક્કસ કહેવા માગીશ કે આપના પરિવારજનોના સક્રિય સહયોગથી, સમજણથી તેઓના ધૈર્ય તથા આપ પારિવારિક બાબતો પ્રત્યે નિશ્ચિંત બનીને પોતાની ફરજ શ્રેષ્ઠ રીતે બજાવી શકો છો. આથી તેઓ સૌ પણ અભિનંદનના અધિકારી છે.

આપણી કંપનીની ગૌરવયાત્રા આ રીતે નિરંતર આગળ વધતી રહે અને રાજ્યના ઊર્જાક્ષેત્રમાં આપણું સતત મહત્ત્વપૂર્ણ યોગદાન રહે એવી શુભકામના.

શુભેચ્છાઓ સાથે,

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# સાબરમતી વર્તુળ કચેરીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

## માનનીય ચેરમેન શ્રી વરુણ નાથ માયરા, આઈ.એ.એસ. (નિવૃત્ત) અને તેમનાં પત્ની શ્રીમતી વિનિતાબહેન માયરાની ઉપસ્થિતિમાં ઉત્સાહભર્યા કાર્યક્રમનું આયોજન



તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ૬૮મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી વર્તુળ કચેરી ખાતે કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણ નાથ માયરા, આઈ. એ. એસ. (નિવૃત્ત)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

આ પ્રસંગે કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, અધિક્ષક ઈજનેર (આઈ.ટી. અને ઈ.એમ.સી.) શ્રી વાય. એ. પરમાર, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ચેરમેન શ્રી માયરાનાં પત્ની શ્રીમતી વિનિતાબહેન માયરા પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં કંપની સેક્રેટરી શ્રી જોષી દ્વારા શ્રી માયરાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સવારે ૯.૧૫ વાગ્યે ચેરમેન શ્રી માયરાના શુભ હસ્તે સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં દેશનો રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવેલ. કંપની સેક્રેટરી શ્રી જોષી, અધિક્ષક ઈજનેર શ્રી પરમાર, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો, નિવૃત્ત કર્મચારીઓ અને હાજર તમામ વ્યક્તિઓએ આવા ઉલ્લાસભેર વાતાવરણમાં ધ્વજવંદન કરી પોતાની દેશભક્તિને વેગ આપ્યો હતો.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે જન ગણ મન રાષ્ટ્રગીત ગવાતાં દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી માયરાએ સરકારશ્રી દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓના સુચારુ અમલ અંગે હાકલ કરી હતી. શ્રી માયરાએ હાજર તમામને ‘‘બેટી બચાઓ, બેટી પઢાઓ’’ યોજનાને સાચા અર્થમાં અપનાવવા સમજ આપી હતી. કોઈ પણ સમાજ બેટી વગર અધૂરો છે. બદલતા દેશના બદલતા વિચારોમાં સમાજની દરેક પુત્રીને જન્મવાનો અધિકાર હોય છે, તેમજ તેને યોગ્ય શિક્ષણ લેવાનો અને આર્થિક રીતે સ્વતંત્ર થવાનો અવસર પણ આપવો જ જોઈએ, એવું શ્રી માયરાએ કહ્યું હતું.

વધુમાં, શ્રી માયરાએ સ્વચ્છતાને આપણી નૈતિક જવાબદારી સમજી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચિંધેલ માર્ગને અનુસરીને સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સફળ બનાવવા હાકલ કરી હતી. આપણી કચેરીઓ તથા પ્રાંગણમાં સ્વચ્છતા રાખવાથી કર્મચારીઓનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે તેવી









સમજ શ્રી માયરાએ આપી હતી.

શ્રી માયરાએ કંપની દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તથા રમતગમતમાં પ્રશંસનીય યોગદાન આપવા બદલ તેજસ્વી કર્મચારીઓને પ્રશસ્તિપત્ર આપી તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી માયરાએ હાજર બાળમિત્રોને સ્મૃતિચિહ્ન ભેટ આપીને તેમને પ્રોત્સાહન આપ્યું હતું.

ત્યાર બાદ સાબરમતી કચેરીના પ્રાંગણ ખાતે વૃક્ષારોપણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન શ્રી માયરા, શ્રીમતી માયરા, શ્રી જોષી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ રોપાઓને રોપીને પર્યાવરણની જાળવણીનું મહત્ત્વ દર્શાવ્યું હતું.

સાબરમતી વર્તુળ કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું સુયોગ્ય આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાં હાજર શ્રી માયરા, શ્રીમતી માયરા અને તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ આનંદ સાથે અલ્પાહાર ગ્રહણ કર્યો હતો.

# પ્રજાસત્તાક દિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી






**કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ તેમ અન્ય કચેરીઓમાં દર વર્ષની જેમ દેશના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી**

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ૬૮માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ. દ્વારા મહેસાણા ખાતેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

૬૮મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એન. સી. મકવાણા, ઇન્ચાર્જ વિશેષ મુખ્ય ઈજનેર (ટેક) શ્રી જે. કે. દરજી ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯-૧૫ કલાકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શાહ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી શાહે જણાવ્યું હતું કે ગત વર્ષમાં આપણી કંપનીને બે રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્સ મળેલ છે - ઇન્ડિયા પાવર એવોર્ડ અને સી.બી.આઈ.પી. એવોર્ડ. બંને એવોર્ડ એ દર્શાવે છે કે કંપનીના દરેક ઉચ્ચ

અધિકારીથી માંડીને નીચેના તમામ કર્મચારી પોતાની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે કેટલા સજાગ છે. આ અંગે શ્રી શાહે તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વધુ માં, શ્રી શાહે ગુજરાત વિદ્યુત બોર્ડના દિવસો યાદ અપાવી કહ્યું હતું કે ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી અલગ અલગ કંપનીઓ કરવાથી ગ્રાહકોને મળતી વીજ સુવિધાઓમાં મોટા પાયે સુધાર કરવાના સરકારશ્રીના ધ્યેયને સિદ્ધ કરે છે આપણી કંપની.

આ પ્રસંગે વિવિધ રમતગમત ક્ષેત્રે કંપનીનું નામ રોશન કરનાર કર્મચારીઓ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓનાં તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ.

બાદમાં, મેનેજીંગ ડિરેક્ટર શ્રી શાહે ગુજરાત સરકાર દ્વારા અમલી ''ઉજાલા ગુજરાત'' યોજના અંતર્ગત નવા એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને પંખાઓનું વિતરણ કર્યું હતું. ઉજાલા ગુજરાત યોજના અંતર્ગત મળતા આ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને પંખા ઉર્જા કાર્યક્ષમ હોવાથી વીજ બચત કરે છે તથા ૫-સ્ટાર રેટિંગ ધરાવે છે.

આ સાથે એક સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં રજૂ થયેલાં દેશભક્તિનાં ગીતોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ ઈન્ડસ્ટ્રીયલ રિલેશન ઓફિસર શ્રી વી. એચ. અસારી, શ્રી સેવંતીભાઈ, શ્રી ઉમંગભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી ગોસ્વામી, વગેરે કર્મચારી મિત્રો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ. અંતમાં અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કંપનીની દરેક કચેરી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.








## Academic Awards


| Name of Emp. & Designation S/Shri | Place of Working | To whom / Relation | % age | Std. | Amount of Merit Award/ Certificate to Sports persons |
|---|---|---|---|---|---|
| SB Shah, Programmer | R&C Office, Mehsana | Son – Parth | 89.85% | 12th | 500/-& certificate |
| VR Soni, Dy.Engr. | Kalol DO | Son- Parthesh | 87.23% | 12th | 500/-& certificate |
| GK Patel, Ele.Asstt. | Sabarmati DO | Son - LiyansuKumar | 86% | 10th | 250/- & certificate |
| YK Patel, Ele.Asstt. | Unjha City S/ Dn | Daughter-Riya | 85.83% | 10th | 250/- & certificate |
| UD Panchal, Account Officer | R&C Office, Mehsana | Self | Pass The CS Exam | | 1000/- & certificate |
| SD Rajput, Daftary | R&C Office, Mehsana | Daughter-Vaishnavi | Participated at 9th annual Boston Green Fest-International Youth Summit Delegate, America represented by Vardhman Vidhyalay, Mehsana | | Certificate |

## Sports Awards

| | | | | |
|---|---|---|---|---|
| **Teni-Koit Tournament** | | | | |
| Ms.ND.Satodiya, Jr.Asstt. | Shilaj S/Dn | Self | Selected for AIESCB Tenikoit Tournament for the year 2016-17 | Certificate |
| Ms.HV. Suthar, Jr.Asstt. | RSO, Narol | Self | Selected for AIESCB Tenikoit Tournament for the year 2016-17 | Certificate |
| **Table-Tennis Tournament** | | | | |
| Ms. CH Modi, Sr.Asstt. | Palanpur, DO-1 | Self | Selected for AIESCB TT Tournament for the year 2016-17 | Certificate |
| Ms. A.A. Gupta, Jr.Asstt. | Palanpur DO-1 | Self | Selected as stand-by player for AIESCB TT tournament for the year 2016-17 | Certificate |
| **Chess Tournament** | | | | |
| Ms. AN Khalpade, DE | Bopal DO | Self | Member of champion team AIESCB Chess Tournament for the year 2015-16 | Certificate |
| Ms. DU Shah, Sr.Asstt. | Sabarmati CO | Self | selected for AIESCB Chess Tournament for the year 2016-17 | Certificate |
| SA Naik, Superintendent | Sabarmati CO | Self | Member of Runners up team AIESCB Chess Tournament for the year 2015-16 & selected for AIESCB Chess Tournament for the year 2016-17 and also become champion in age category of 45-60 years in Khel Maha Kumbh for the year 2015-16 | Certificate |
| Ms. JM Rathod | R&C Office, Mehsana | Self | Selected as stand-by player for AIESCB chess tournament for the year 2016-17 | Certificate |

| | | | | |
|---|---|---|---|---|
| **Kabaddi Tournament** | | | | |
| MR Loh, Jr.Asstt. | Kanodar S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team & Selected for AIESCB | Certificate |
| SG Desai, Jr.Asstt. | Chhapi S/dn | Self | Member of Inter Company Kabbadi Champion Team & Selected for AIESCB | Certificate |
| RM Chaudhari, ALM | Deesa City S/dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| YS Patel, Ele. Asstt. | Deodar-1 S/dn | Self | Member of Inter Company Kabbadi Champion Team & Selected for AIESCB | Certificate |
| VD Chaudhary, Jr.Asstt. | Gozariya S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| CM Chauhan, Jr.Asstt. | Patan DO | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| MR Chaudhari, Jr.Asstt. | Lodra S/dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| KS Gameti, Ele.Asstt. | Gambhoi S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| VR Bariya, Jr.Asstt. | Adalaj S/dn | Self | Member of Inter Company Kabbadi Champion Team & Selected for AIESCB | Certificate |
| SB Patel, Ele.Asstt. | Salal S/Dn | Self | Member of Inter Company Kabbadi Champion Team | Certificate |
| **Volley Ball Tournament** | | | | |
| VD Chaudhary, JA | Gozariya S/Dn., | Self | Member of Inter Company Volley Ball Runners up Team & Selected for AIESCB | Certificate |
| MR Chaudhary, JA | Lodra S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team & Selected for AIESCB | Certificate |
| BA Chaudhary, JA | Visnagar (City) S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team | Certificate |
| KJ Kalasava, LM | Becharaji S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team | Certificate |
| YS Raval, JE | Palanpur (H) S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team & Selected for AIESCB | Certificate |
| MM Dabhi, JA | Bhabhar S/Dn., | Self | Member of Inter Company Volley Ball Runners up Team | Certificate |
| YK Chaudhary, JA | Iqbalgadh S/Dn | Self | Member of InterCompany Volley Ball Runners up Team | Certificate |
| HR Ninama, Ele. Asstt. | HMT (R) S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team | Certificate |
| IJ Gameti, Ele. Asstt | Vadali S/Dn., | Self | Member of InterCompany Volley Ball Runners up Team | Certificate |
| NP Patel, JA | Santej S/Dn | Self | Member of Inter Company Volley Ball Runners up Team & Selected for AIESCB | Certificate |
| AB Chaudhary, Jr. Engr. | Kalol (City) S/Dn., | Self | Member of Inter Compay Volley Ball Runners up Team | Certificate |
| MB Patel, Ele.Asstt. | Shela S/Dn | Self | Member of Inter Compay Volley Ball Runners up Team | Certificate |

# ઓનલાઈન વીજ બિલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા વિજેતા પેટાવિભાગીય કચેરીઓનું સન્માન



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ ગ્રાહકોને વધુ ને વધુ સેવાઓ આપવાના હેતુસર વીજ બિલના નાણાં ઈ-પેમેન્ટ/ઓનલાઈન પેમેન્ટ પદ્ધતિથી ચુકવણી કરવા પ્રોત્સાહન આપવા માટે એક ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

વીજ ગ્રાહકોને બિલની ચુકવણી અર્થે લાઈનમાં ઊભા રહીને પોતાનો કિંમતી સમય વેડફ્યા વિના ઓનલાઈન બિલ પેમેન્ટ ચુકવણી કરવા માટે કંપનીની તમામ પેટાવિભાગીય કચેરીઓ દ્વારા હાકલ કરવામાં આવી હતી.

આ ઝુંબેશમાં સાબરમતી, મહેસાણા, પાલનપુર અને હિંમતનગર વર્તુળ કચેરીઓના તાબા હેઠળ આવતી તમામ પેટાવિભાગીય કચેરીઓના કર્મચારીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો.

૨૬ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ૨૬-૧૨-૨૦૧૬થી લઈને ૨૪-૦૧-૨૦૧૭ સુધી વીજ ગ્રાહકો દ્વારા થયેલ ઓનલાઈન બિલ પેમેન્ટસ પ્રમાણે જે કચેરીઓ વિજેતા બની હતી તે કચેરીઓના કર્મચારીઓનું માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ. તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા સન્માન કરી પ્રશંસા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

**વિજેતા બનેલ કચેરીઓ નીચે પ્રમાણે છેઃ**

| અનુક્રમ | પેટાવિભાગીય કચેરી | વિભાગીય કચેરી | કેટેગરી | વિજેતા ક્રમ |
|---|---|---|---|---|
| **સાબરમતી વર્તુળ** | | | | |
| ૧. | છત્રાલ ગ્રામ્ય | કલોલ | ગ્રામ્ય | ૧ |
| ૨. | સાણંદ | બોપલ | ગ્રામ્ય | ૨ |
| ૩. | નરોડા | સાબરમતી | શહેરી | ૧ |
| ૪. | શીલજ | બોપલ | શહેરી | ૨ |
| **મહેસાણા વર્તુળ** | | | | |
| ૧. | ધિણોજ | મહેસાણા | ગ્રામ્ય | ૧ |
| ૨. | મહેસાણા ગ્રામ્ય | મહેસાણા | ગ્રામ્ય | ૨ |
| ૩. | કડી ટાઉન | કડી | શહેરી | ૧ |
| ૪. | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ | મહેસાણા | શહેરી | ૨ |
| **પાલનપુર વર્તુળ** | | | | |
| ૧. | ધાનેરા ૧ | ડીસા ૨ | ગ્રામ્ય | ૧ |
| ૨. | વાવ | ડીસા ૧ | ગ્રામ્ય | ૨ |
| ૩. | પાલનપુર ટાઉન | પાલનપુર ૧ | શહેરી | ૧ |
| ૪. | પાલનપુર હાઈવે | પાલનપુર ૧ | શહેરી | ૨ |
| **હિંમતનગર વર્તુળ** | | | | |
| ૧. | ઈડર ટાઉન | ઈડર | ગ્રામ્ય | ૧ |
| ૨. | હિંમતનગર ટાઉન | હિંમતનગર | શહેરી | ૧ |

# યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો - ઈન્ડિયા પાવર એવોર્ડ

## કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ તરફથી યુજીવીસીએલને ઈન્ડિયા પાવર એવોર્ડ એનાયત

તારીખ ૨૫ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ દ્વારા પ્રાઈવેટ સેક્ટર અને પી.એસ.યુ.માં વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીની કેટેગરીમાં ઈન્ડિયા પાવર એવોર્ડ - ૨૦૧૬ એનાયત કરવામાં આવેલ.

૨૫ નવેમ્બર ૨૦૧૬ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ નવમાં ઈન્ડિયા પાવર એવોર્ડ્સ - ૨૦૧૬ દરમિયાન આયોજિત એક ભવ્ય સમારોહમાં કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝના ચેરમેન કે. બાલારામ રેડ્ડીના વરદ હસ્તે આ રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ યુજીવીસીએલના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલે કંપની વતી સ્વીકાર્યો હતો.

જ્યુરી સભ્યો શ્રી એચ.એલ. બજાજ, ડો. સી.આર. પ્રસાદ, શ્રી વી. રઘુરામન અને શ્રીમતી નીરજા માથુરની ઉપસ્થિતિમાં આ એવોર્ડ કંપની વતી શ્રી એ.કે. મંગલે સ્વીકાર્યો હતો.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ગુજરાત રાજ્યમાં ઊર્જા ક્ષેત્રે સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડી ગ્રાહકોને સર્વોત્તમ સેવા આપી આ એવોર્ડ મેળવવામાં દેશ ખાતે મોખરાનું સ્થાન મેળવે છે.

આ એવોર્ડ માટે ઊર્જા, પર્યાવરણ, ટેક્નોલોજી અને માળખાકીય સંસાધનોના ક્ષેત્રે દેશના વિવિધ રાજ્યોની ઊર્જા ક્ષેત્રે થયેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુણનાત્મક તુલના કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીને વર્ષ














૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨ તેમજ ૨૦૧૪ માટે કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ દ્વારા વિવિધ કેટેગરીમાં ઇન્ડિયા પાવર એવોર્ડ્સથી સન્માનવામાં આવેલ છે.

ભારત ખાતે વીજ ક્ષેત્રે કાર્યરત વિવિધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વીજ કંપનીઓ/ જાહેર સાહસોમાંથી ઉત્કૃષ્ટ કામગીરી બદલ પસંદગી કરવા માટે ખ્યાતનામ જ્યુરી સભ્યો આ મુજબ હતા :

- શ્રી એચ.એલ. બજાજ, ભૂતપૂર્વ સભ્ય (ટેકનિકલ), એપીલેટ ટ્રીબ્યુનલ ફોર ઈલેક્ટ્રીસીટી.
- ડો. સી.આર. પ્રસાદ, ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર, એવરેસ્ટ પાવર પ્રા. લી. અને ભૂતપૂર્વ ચેરમેન - મેનેજિંગ ડીરેક્ટર, ગેઇલ.
- શ્રી વી. રઘુરામન, ભૂતપૂર્વ સિનિયર એડવાઇઝર-એનર્જી ડિપાર્ટમેન્ટ, કોન્ફેડેરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ.
- શ્રી સી.વી. જે. વર્મા, પ્રેસિડેન્ટ, કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ.
- શ્રી એસ.ડી. દૂબે, ચેરપર્સન, સી.ઈ.એ.
- શ્રીમતી નીરજા માથુર, સભ્ય, જે.ઈ.આર.સી. અને ભૂતપૂર્વ ચેરપર્સન, સી.ઈ.એ.
- શ્રી ગુરદયાલ સિંહ, ભૂતપૂર્વ ચેરપર્સન, સી.ઈ.એ.

---

# કોર્પોરેટ ઓફિસ ખાતે ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજન

આદિ અનાદી કાળથી ચાલી આવતા તહેવારોમાં ધનતેરસનું એક અનેરું મહત્વ રહેલું છે. આ દિવસને માં લક્ષ્મીજીના દિવસ તરીકે મનાવવામાં આવે છે. લોકો ધનતેરસના દિવસે માં લક્ષ્મીજીની પૂજા અને ધનની પૂજા કરે છે. પોતપોતાના પરંપરાગત પૂજનની વિધિ પ્રમાણે લોકો આ પૂજા કરે છે. કોઈ પોતાના ઘરે, કોઈ દુકાને તો કોઈ ઓફિસે ધન લક્ષ્મી પૂજા કરતા હોય છે.

આમ ઘણાં વર્ષો પૂર્વે કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે આ પરંપરાની શરૂઆત થઇ હતી. તે મુજબ ૨૮ ઓક્ટોબર ૨૦૧૬ ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે ધનતેરસ નિમિત્તે એકાઉન્ટ્સ વિભાગ ખાતે લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું હતું.

યુજીવીસીએલ ખાતે ટાઈપિસ્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારી અને મહારાજ શ્રી જે. એચ. રાવલ દ્વારા કંપનીના જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી



આર. બી. કોઠારીના શુભહસ્તે લક્ષ્મીપૂજન કરવામાં આવેલ, જેમાં કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો પૂજામાં ઉપસ્થિત રહ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો.

એકાઉન્ટ્સ વિભાગ દ્વારા પૂજાના સમાપન સમયે તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

હિન્દુ ધર્મ પ્રમાણે અનેરું મહત્વ ધરાવતી આ પૂજા થકી કંપની આવનારા વર્ષમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એ આશયથી આ પૂજા કરવામાં આવી હતી. ■

# યુજીવીસીએલ બની સી.બી.આઈ.પી. એવોર્ડ વિજેતા

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવર દ્વારા બેસ્ટ પરફોર્મિંગ પાવર ડિસ્ટ્રીબ્યુશન યુટીલીટીનો એવોર્ડ યુજીવીસીએલને એનાયત

તા. ૨૯ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવર (સી.બી.આઈ.પી.) નવી દિલ્હી દ્વારા બેસ્ટ પરફોર્મિંગ પાવર ડિસ્ટ્રીબ્યુશન યુટીલીટીનો સી.બી.આઈ.પી. એવોર્ડ એનાયત થયેલ.

સી.બી.આઈ.પી. દિવસની ઉજવણી ૨૦૧૭ અંતર્ગત સ્કોપ કોમ્પ્લેક્સ, નવી દિલ્હી ખાતે યોજાયેલ ભવ્ય સમારંભમાં ડો. સંજીવકુમાર બાલ્યાન, માનનીય મંત્રીશ્રી જળ સ્રોત, નદી વિકાસ અને ગંગા શુદ્ધિકરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા યુજીવીસીએલને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ, જેનો કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) અને ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) શ્રી એ.કે.મંગલ અને જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારીએ સ્વીકાર કરેલ.

આ પ્રસંગે શ્રી એસ.ડી.દૂબે, કે જેઓ સી.બી.આઈ.પી.ના પ્રેસિડેન્ટ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી ઓથોરિટીના ચેરપર્સન છે તથા શ્રી જી.એસ.ઝા, કે જેઓ સી.બી.આઈ.પી.ના વાઈસ પ્રેસિડેન્ટ અને સેન્ટ્રલ વોટર કમિશનના ચેરમેન છે, એ મંચ પર ઉપસ્થિત રહી શ્રી મંગલ અને શ્રી કોઠારીને અભિનંદન પાઠવ્યા હતા.

આ એવોર્ડ થકી સી.બી.આઈ.પી.એ કંપની દ્વારા ઉત્તર ગુજરાતના શહેરો તથા




*ડો. સંજીવકુમાર બાલ્યાન, માનનીય મંત્રીશ્રી, જળ સ્રોત, નદી વિકાસ અને ગંગા શુદ્ધિકરણ મંત્રાલય, ભારત સરકારના શુભ હસ્તે સી.બી.આઈ.પી. એવોર્ડ સ્વીકારતા કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે.મંગલ અને જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી*






ESTD. 1927
ISO 9001:2008
New Delhi

**CBIP AWARD 2017**

**Best Performing Power Distribution Utility**

*Presented to*

**Uttar Gujarat Vij Company Ltd.**

for

Outstanding contribution to the nation by providing reliable and cost effective electricity to its customers for industrial and overall economic development through optimization of available resources in the distribution sector

S. D. Dubey
President

29th December 2016, New Delhi

V.K. Kanjlia
Secretary

ગ્રામ્ય વિસ્તારોમાં સાતત્પૂર્ણ, વિશ્વસનીય અને વ્યાજબી કિંમતે વીજ પૂરવઠો પૂરો વાડવા બદલ તમામ ગ્રાહકોને ઉત્તમ સેવા આપવાના કાર્યને બિરદાવ્યું હતું.

દેશ-પરદેશથી આમંત્રિત ઊર્જા વિભાગ સાથે સંકળાયેલ સરકારી કંપનીઓ, નિગમો તથા કોર્પોરેટ્સના આશરે ૩૦૦થી વધુ ચેરમેનશ્રીઓ, મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ મેગા ઈવેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલ આ એવોર્ડ કંપનીની યશગાથાને વધુ શોભાવે તેવો પ્રસંગ કહેવાય. સી.બી.આઈ.પી. દિવસની ઉજવણી ૨૦૧૭ અંતર્ગત જળ સ્રોત, ઊર્જા અને રિન્યુએબલ એનર્જી સેક્ટર્સના વિકાસ અંગે એક સિમ્પોઝીયમ પણ યોજવામાં આવેલ.

આ સિમ્પોઝિયમમાં શ્રી એ.એસ. બક્ષી, શ્રી એ.બી. પંડ્યા એન્ડ શ્રી કે.એસ. પોપલીએ સ્પીકરપદે ઉપસ્થિત રહી ઊર્જા સેક્ટરને સંબંધિત ચર્ચામાં જ્ઞાનસભર માહિતી આપી હતી.

સી.બી.આઈ.પી. એવોર્ડ માટે દેશના નામાંક્તિ જ્યુરી સભ્યોમાં સામેલ હતા.

- શ્રી એ.એસ. બક્ષી, મેમ્બર, સી.ઇ.આર.સી.
- શ્રી એસ.ડી. દૂબે, ચેરપર્સન, સી.ઇ.એ.,
- શ્રી અશોક સેઠી, ઈ.ડી., ટાટા પાવર કંપની લિમિટેડ,
- શ્રી જી.એસ. ઝા, ચેરમેન, સી.ડબલ્યુ.સી.,
- શ્રી એ.બી. પંડ્યા, ભૂતપૂર્વ ચેરમેન, સી.ડબલ્યુ.સી.,
- શ્રી કે.એસ. પોપલી, સી.એમ.ડી., ઈરેડા લિમિટેડ,
- શ્રી અશ્વિનીકુમાર, એમ.ડી., એસ.ઇ.સી.આઇ. લિમિટેડ

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવરની સ્થાપના ભારત સરકાર દ્વારા ૧૯૨૭માં થઈ હતી. સી.બી.આઈ.પી. જળ સ્રોત, ઊર્જા અને રિન્યુએબલ એનર્જી સેક્ટર્સ માટે છેલ્લા ૯૦ વર્ષોથી માહિતીસભર પ્રકાશનો બહાર પડે છે તથા વિવિધ કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનાર દ્વારા આ સેક્ટર્સ સાથે સંકળાયેલ વ્યક્તિઓ, કંપનીઓ, સરકારી વિભાગો અને કોર્પોરેટ્સને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રિય કક્ષાએ ખાસ મહત્વ ધરાવે છે. ■

# નિવૃત્ત થનાર શ્રી એમ.વી. વ્યાસ અને શ્રી બી.જે.વ્યાસનો વિદાય સમારંભ

તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર તથા મહેસાણા સર્કલમાં ફરજ બજાવતા સિક્યોરીટી ઈન્સ્પેક્ટર શ્રી એમ.વી. વ્યાસના વિદાય સમારંભનું આયોજન સર્કલના કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે સર્કલના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. શ્રી વી.બી. પટેલે સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારી નિવૃત્ત થઈ રહેલ કર્મચારીને શુભેચ્છાઓ પાઠવેલ.

મહેસાણા સર્કલના ઉચ્ચ અધિકારીઓએ નિવૃત્ત કર્મચારીના સરળ સ્વભાવની નોંધ લઈને તેઓની બાજ નજર અને ચપળ દેખ-રેખની બાબતે પ્રશંસા કરીને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્તિ લઈ રહેલ કર્મચારી શ્રી એમ. વી. વ્યાસે તેમના પ્રવચનમાં તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન સાથ અને સહકાર આપનાર કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

શ્રી વ્યાસે જીઈબીમાં તા. ૩૦-૪-૧૯૮૨ના રોજ હેડ ઓફિસ વડોદરા ખાતે વોચમેન તરીકેની કારકિર્દીની શરૂઆત કરી, ત્યાર બાદ જૂનાગઢ ડિવિઝન ખાતે, ટીપીએસ ગાંધીનગર ખાતે, ત્યાર બાદ જામનગર સર્કલ ઓફિસમાં સિક્યોરીટી ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશન મેળવેલ. ૨૦૦૫માં મહેસાણા વર્તૂળ કચેરી ખાતે ખાતાકીય બદલી કરવામાં આવી અને આજરોજ તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ સેવાનિવૃત્ત થઈ રહ્યા છે. આમ ૩૪ વર્ષ અને સાત મહિના જીઈબી તથા કંપનીમાં ફરજ બજાવેલ.

આ પ્રસંગે ઉપસ્થિત સભાના પ્રમુખ શ્રી એસ.એ. પટેલ ચાંદીનો સિક્કો તથા સર્કલ ઓફિસ તરફથી ગીફ્ટ આપીને સન્માનિત કરેલ. શ્રી એ.એસ. પાંડોર દ્વારા શ્રી વ્યાસને શાલ ઓઢાડીને સન્માનિત કરેલ તથા સર્કલના એકાઉન્ટ ઓફિસર ધવલભાઈ બરવાડીયા દ્વારા શ્રી વ્યાસને ચેક અર્પણ કરેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેન્દ્રકુમાર એન. નાયક અને તેમની ટીમે હાથ ધરેલ.

તા. ૩૦-૦૯-૨૦૧૬ ના રોજ વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસ ખાતે અધિક્ષક (હિસાબ) તરીકે ફરજ બજાવતા શ્રી બી. જે. વ્યાસ નિવૃત્ત થતા તેમનું વિદાય સમારંભ કંપનીના નવનિર્મિત બિલ્ડિંગના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી બી. જે. વ્યાસે પોતાની કારકિર્દીમાં મદદરૂપ દરેક અધિકારી અને કર્મચારીનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ■

# નૂતન વર્ષના પ્રારંભે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન

**કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓની આપ-લે સાથે નવા વર્ષનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો**

તા. ૦૩-૧૧-૨૦૧૬ના રોજ નૂતન વર્ષના પ્રારંભે કંપનીના પટાંગણમાં કંપનીના કર્મચારીઓ એક બીજાને શુભેચ્છાની આપ-લે કરી શકે તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવી શકે તે હેતુથી દર વર્ષે સ્નેહ મિલન સમારંભનું આયોજન હાથ ધરવામાં આવે છે. તે મુજબ આ વર્ષે, કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, શ્રી એ.કે. મંગલ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી આર.બી. કોઠારી જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી એ.સી. પ્રજાપતિ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) એન.એમ. જોષી (કંપની સેક્રેટરી), એન. સી. મકવાણા (વિશેષ મુખ્ય ઇજનેર) ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ તથા બહેનોની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ.





કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કે.ડી.બારોટ (નાયબ ઇજનેર) દ્વારા ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે આવકારવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલએ ઉપસ્થિત કર્મચારીઓને શુભેચ્છા સંદેશ પાઠવેલ. સુદૃઢ અને પ્રગતિશીલ કામગીરી માટે જરૂરી લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે નવીન સંકલ્પો રજૂ કરવામાં આવેલ અને સલામતી માટે ચિંતાને પ્રતિસાદ આપી તમામ વર્ગ-૪ના કર્મચારીને સલામતીના સાધનોનો ઉપયોગ કરીને જ કામગીરી કરવા અનુરોધ કરેલ કે જેથી અકસ્માત રહિત વાતાવરણ ઊભું થાય.

જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી દ્વારા કંપનીના આર્થિક વિકાસ માટે જરૂરી લક્ષ્યાંકો અંગેની માહિતી આપી તે સિદ્ધ કરવા માટે જરૂરી પગલાંની વિસ્તૃત છણાવટ કરી પરિણામજન્ય કામગીરી કરવા સંલગ્ન અધિકારીઓને અનુરોધ કરેલ અને તમામ કર્મચારીઓને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવેલ.

જેમના સફળ નેતૃત્વ હેઠળ કંપની ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરીને વિકાસની ગાથાનો નવો ઇતિહાસ રચી રહી છે તેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ દ્વારા ઉપસ્થિત કર્મચારીઓને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી શુભ સંદેશ રજૂ કરેલ. તેમણે કહ્યું હતું કે ''મારું એવું માનવું છે કે જો આપણે નવા ઉમંગ, નવી ચેતના સાથે સૌના જીવનમાં આનંદનો ઉજાસ ફેલાવવા માટે કટિબદ્ધ થઈશું તો નવું વર્ષ ચોક્કસ સૌના માટે મંગલકારી બની રહેશે.''

એ ઉપરાંત ભારત સરકારશ્રીના ઊર્જા મંત્રાલય તરફથી દેશભરની વીજ વીતરણ કંપનીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને એ પ્લસ (A+) રેટિંગથી સન્માનવામાં આવેલ છે. જે આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી બાબત છે.

આ વર્ષે પણ આપણે સૌ સાથે મળીને કંપનીને આગળ ધપાવવામાં સહિયારા પ્રયત્નો કરીએ જેથી આપણી કંપની સિદ્ધિના ઉચ્ચ શિખરો સર કરે.

ફરી એકવાર, નૂતન વર્ષ આપના તથા આપના કુટુંબીજનો માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બની રહે તેવી શુભેચ્છા સહ: ખુશાલીસભર દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન.''

આભારવિધિ શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કે.ડી. બારોટ (નાયબ ઇજનેર) દ્વારા કરવામાં આવેલ. ■




આપણું
યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com